# V.T.Choksi Sarvajanik College of Education, Surat
## પ્રવૃત્તિ અહેવાલ: 2023-24

| પ્રવૃત્તિની તારીખ | પ્રવૃત્તિની વિગત | Purpose of the Activities & Outcomes |
|---|---|---|
| 15-6-2023 | કૉલેજમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્ માં પ્રવેશ પામેલાં પ્રશિક્ષણાર્થીઓના પ્રવેશોત્સવ યોજાયો  સંસ્થાના પૂર્વ આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ જી. પટેલે મંગળ પ્રવચન આપી આશીર્વચન પાઠવ્યા. | - સંસ્થા ઓળખ |
| 17-6-2023 | આંતરરાષ્ટ્રીય યોગ કાર્યક્રમ અંતર્ગત યોગ વિશેષજ્ઞ ડૉ.નરેન્દ્રસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ સામૂહિક સૂર્યનમસ્કાર કરવામાં આવ્યાં, જેમાં અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા. | - સ્વાસ્થ્ય જાગૃતિ |
| 21-6-2023 | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સુરત શહેરમાં સમૂહમાં યોગ કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત કૉલેજના અધ્યાપકો અને તાલીમાર્થીઓએ પણ રજિસ્ટ્રેશન કરાવી સામૂહિક યોગમાં જોડાઈ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં પોતાનો ફાળો નોંધાવી, ગૌરવ પ્રાપ્ત કર્યું. | - સમૂહ સ્વાસ્થ્ય |
| 3-7-2023 | ગુરુપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત કૉલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ વક્તવ્ય, નાટક, કાવ્યપઠન, ગીત અને ભજન, નૃત્ય જેવી વિવિધ પ્રસ્તુતિ રજૂ કરી. | - ગુરુ પરંપરા અને ગુરુ ઋણનું મૂલ્ય |
| 7-7-2023 | વ્રત-પર્વ નિમિત્તે મહેંદી, કેશ-ગુંફન, આરતી-શણગાર સ્પર્ધા યોજવામાં આવી, જેમાં **કેશગુંફન**માં સુવર્ણા મહારાણા વિજેતા થયાં, **મહેંદી સ્પર્ધા**માં (FYBEd)પ્રથમ- નિધિ પટેલ,  દ્વિતીય- હર્ષિતા મકવાણા, તૃતીય- વિશ્વા પટેલ તેમ જ SY માંથી આશિયા વાડીના પ્રથમ ક્રમે વિજેતા થયાં, આરતી શણગાર સ્પર્ધામાં પ્રથમ- હિરલ રાજપૂત, દ્વિતીય- સાક્ષી શુક્લ અને તૃતીય- આયુષી કંસારા (FY) તેમ જ હેલી નારીગરા (SY) વિજેતા થયાં | - વ્રત પર્વનું મહત્વ |
| 7-7-2023 | ઋતુઓની રાણી વર્ષાને વધાવવા વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માં વ્યક્તિગત -પ્રથમ- દ્રષ્ટિ સુતરીયા,  દ્વિતીય - રાધિકા ગામિત, તૃતીય - જહાનવી મિશ્રા, તેમ જ ગ્રૂપમાં  પ્રથમ- ડીમ્પલ & ગ્રૂપ, દ્વિતીય - પ્રિયંકા & ગ્રૂપ, તૃતીય- સુવર્ણા & ગ્રૂપ & સચિન & ગ્રૂપ  વિજેતા થયાં. | - વર્ષના વધામણાં |
| 14-7-2023 | ISRO દ્વારા તારીખ : 14 જુલાઈ , 2023ના રોજ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સ્થિત સતીશ ધવન સ્પેશ સેન્ટર પરથી "ચંદ્રયાન-3" લૉન્ચ કરવામાં આવ્યું હતું. આપણા દેશની આ ગૌરવવંતી ક્ષણમાં સહભાગી થવા અમારી કૉલેજમાં આચાર્યશ્રી , અધ્યાપકગણ તેમજ તમામ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા "ચંદ્રયાન-3"ના લૉન્ચિંગનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. | - વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વિકાસ |

| | | |
|---|---|---|
| 15-7-2023 | પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓ માટે "Freshers Party"નું આયોજન કરવામાં આવ્યું હતું, દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ આ નવા મિત્રોને આવકારવા સ્વાગત ગીત ,વક્તવ્ય , કાવ્યપઠન અને નૃત્ય પ્રસ્તુત કર્યા. આ ઉપરાંત પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓ માટે "Talent Show"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. | - અભિવાદન અને આવકાર |
| 4-14 July, 2023 | સેમેસ્ટર -3ના પ્રશિક્ષણાર્થીઓની ઈન્ટર્નશીપની પૂર્વતૈયારીના ભાગરૂપે "Internship Orientation Programme" યોજવામાં આવ્યો. તારીખ : 4 જુલાઈ, 2023 થી 14 જુલાઈ, 2023 દરમિયાન યોજાયેલ આ પ્રોગ્રામમાં ડૉ. પ્રવિણચંદ્ર પરમારે શાળા ફાળવણી અને મંજૂરી, ડૉ. નરેન્દ્રસિંહ ગોહિલ અને કૌશિકકુમાર રાઠોડએ ક્રિયાત્મક સંશોધન વિશે , ડૉ. જયેશગિરી ગોસ્વામી એ શાળા વહીવટ અને સંચાલન વિશે , ડૉ કલ્પેશભાઈ પટેલએ વ્યક્તિ અભ્યાસ વિશે , ડૉ. અનિલાબેન સોનીએ ચિંતનાત્મક ડાયરી વિશે તથા ડૉ. જયશ્રીબેન જાંબુસિયા એ પુસ્તક સમીક્ષા વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું. | - Internship પૂર્વતૈયારી |
| 19-7-2023 | 'આઝાદી કા અમૃત મહોત્સવ' યોજના અંતર્ગત વકતૃત્વ, નિબંધલેખન તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જે ત્રણેય સ્પર્ધામાં પ્રથમ તેમજ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. જેમાં નિબંધલેખનમાં દ્વિતીય વર્ષના તાલીમાર્થી પ્રિયંકા હરીશભાઇ પટેલ, વકતૃત્વ સ્પર્ધામાં હુમેરાબાનું યુસુફશાહ ફકીર તેમજ ચિત્ર સ્પર્ધામાં હિરલ રમેશભાઈ રાજપૂત પ્રથમ ક્રમે વિજેતા થયાં હતાં, જેમણે યુનિવર્સિટી કક્ષાએ કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું. | - લેખન, કથન અને ચિત્રકળાનો વિકાસ |
| 2-8-2023 | વ્યાખ્યાન વિશેષના ઉપક્રમે ડૉ. મોહિતગિરિ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. જેમણે સેમેસ્ટર-1ના તાલીમાર્થીઓને 'વૃદ્ધિ અને વિકાસ' અંગેની સમજ આપી. | - મનોવિજ્ઞાન વિશેષ જાણકારી |
| 9-8-2023 | કોલેજમાં "વિશ્વ આદિવાસી દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ વર્ષના તાલીમાર્થી મિત્રોએ આદિવાસી પ્રાર્થના, આદિવાસી નૃત્ય, બિરસા મુંડા અને આદિવાસી સમાજને દર્શાવતું નાટક, વક્તવ્ય વગેરે રજૂ કર્યા હતા. આદિવાસી સમાજના અગ્રણી અને આપણા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુરના સંઘર્ષ અંગે PPT દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. કોલેજના ગ્રંથપાલ મનીષાબેન ગામીત દ્વારા આદિવાસી સમાજ અને ગામીત સમાજ અંગેના રીત રિવાજો વિશેની માહિતી પણ આપવામાં આવી હતી. | - આદિવાસી વિષે વિશેષ માહિતી અને તેમની કળાઓ, પરંપરાઓની જાણકારી |
| 10-8-2023 | વિજ્ઞાન ગુર્જરી અને Giants foundation દ્વારા Students Innovation Fest 2023 અંતર્ગત "Organ Donation & Transplantation" વિષય પર તજજ્ઞ શ્રીમતી પ્રહર્ષા ડી મહેતા એ પોતાનું વકતવ્ય અને અનુભવો જણાવ્યા હતા. જેનો મુખ્ય | - અંગદાનનું મહત્વ સમજવું |

| | | |
|---|---|---|
| | હેતુ આપણે કેવી રીતે અન્ય વ્યક્તિનો જીવ બચાવવા પોતાનું નાનામાં નાનું યોગદાન આપી શકાય અને જાગૃત નાગરિક તરીકે આ વિષય અંગે સભાનતા કેળવી અન્યને પણ આ કાર્યમાં જોડી શકાય તેની વાત તાલીમાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી. | |
| 26-7-2023 | કૉલેજમાં માઇક્રો પાઠનું આયોજન કરવામાં આવ્યું. શિક્ષક પ્રશિક્ષણ તાલીમના પ્રથમ પગથિયું કહી શકાય તેવા માઇક્રો પાઠ અંગેનું કૌશલ્ય પ્રશિક્ષણાર્થી કેળવે તે માટે માઈક્રો પાઠ અંગેની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ આપી વિવિધ કૌશલ્ય પર કોલેજના આચાર્યશ્રી અને અધ્યાપકો દ્વારા નિદર્શન પાઠ આપવામાં આવ્યા હતા. જેનો અનુભવ મેળવી પ્રશિક્ષણાર્થીઓ પણ સફળતાપૂર્વક માઇક્રો લેશનના તબક્કામાંથી પસાર થયા હતા. | - કૌશલ્ય વિકાસ |
| 15-8-2023 | કૉલેજ કેમ્પસની ભગિની સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે કોલેજ પરિસરમાં 77માં સ્વાતંત્ર્યપર્વની ઉજવણી કરવામાં આવી. કૉલેજ દ્વારા સ્વાતંત્ર્ય દિનની પૂર્વસંધ્યાએ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં તાલીમાર્થીઓએ ગીત , નૃત્ય , વક્તવ્ય , નાટક અને પોસ્ટર્સ બનાવવા જેવી વિવિધ કૃતિઓ દ્વારા પોતાની દેશ પ્રત્યેની લાગણીઓ અભિવ્યક્ત કરી. આ ઉપરાંત તેઓએ ક્વિઝ તેમજ ડિબેટનું પણ આયોજન કર્યું. | - રાષ્ટ્રપ્રેમ અને સ્વાતંત્ર્ય મૂલ્ય |
| 18-8-2023 | કૉલેજમાં સેમેસ્ટર-1ના અભ્યાસક્રમમાં ભાગ તરીકે ક્ષેત્રકાર્ય સંદર્ભે સર્વોદય બી.એડ. કૉલેજના આચાર્યશ્રી ડૉ. જીજ્ઞેશભાઈ કંથારિયાએ VNSGU ના પાઠ્યક્રમની દૃષ્ટિએ સચોટ અને વ્યવહારુ રીતે માહિતી પૂરી પાડવામાં આવી હતી. | - ક્ષેત્રકાર્યનું મહત્વ જાણવું |
| 21-8-2023 | "વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ" નિમિત્તે આચાર્યશ્રી ડૉ. નલિનચંદ્ર પટેલ સાહેબે ઉદ્યોગિક સાહસિકતા ધરાવનાર સફળ વ્યક્તિઓને યાદ કરવાનો એક અનોખો પ્રયાસ કર્યો છે. જેમાં શિક્ષણના ક્ષેત્રમાં સફળ શિક્ષકો , જેઓ અમારી સંસ્થા માટે ગૌરવ લેવા જેવી બાબત હોય તેમને યાદ કરી તેમના યોગદાન અને કાર્યોથી બધા અધ્યાપકગણ અને પ્રશિક્ષણાર્થીઓને આવગત કર્યા. | - ઔધ્યોગિક સમજનો વિકાસ |
| 23-24 ઓગષ્ટ2023 | કૉલેજના અધ્યાપિકાશ્રી ડૉ.જયશ્રીબેન જાંબુસિયાએ શ્રીમતી રૂ.સી.મા.પુનાવાલા (experimental) શાળામાં યોજાયેલ શિક્ષકો માટેની પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કામગીરી કરી શિક્ષકો સાથે પુસ્તક પરિચય બાબતે ગોષ્ઠિ કરી હતી.તેમજ તારીખ : 24 ઓગસ્ટ, 2023ના રોજ SMVMT બી. એડ. કૉલેજમાં નર્મદ જયંતિ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહી નર્મદ અને તેના સાહિત્ય વિશે વ્યાખ્યાન આપ્યું હતું. | - સાહિત્યિક અભિમુખતા |

| | | |
|---|---|---|
| 24-8-2023 | વીર કવિ નર્મદની 190મી જન્મજયંતીના કાર્યક્રમમાં નર્મદના જીવન અને સાહિત્ય, નર્મદના ગીતો, નૃત્ય અને નાટ્યની ભજવણી કરવામાં આવી. તથા કૉલેજના ભૂતપૂર્વ પ્રતિભાશાળી તાલીમાર્થી શ્રી જીજ્ઞેશભાઈ સોલંકીએ મુખ્ય વક્તા તરીકે 'મારી હકીકત' વિશે છણાવટ કરી હતી. તેમ જ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભુતપૂર્વ તાલીમાર્થી હાર્દિક ચાંપાનેરિઆ દ્વારા પ્રથમ  વર્ષના તાલીમાર્થીઓને નોટબૂકનું વિતરણ કરવામાં આવ્યું. | - નર્મદ અને તત્કાલીન સમાજ સુધારાની પ્રવૃત્તિઓથી માહિતગાર થવું |
| 29-8-2023 | "રક્ષાબંધન પર્વ" નિમિત્તે અમારી કૉલેજમાં ગીતો અને રાખડી બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં સ્પર્ધામાં કલ્યાણી સિરસાઠએ પ્રથમ ક્રમ, નિધિ પટેલએ દ્વિતીય ક્રમ અને હિરલ રાજપૂત તથા મિત પંડ્યાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. | - ભાઈ-બહેનના સ્નેહનું મૂલ્ય |
| 5-9-2023 | "શિક્ષક દિન"ની ઉજવણી અંતર્ગત પ્રથમ અને દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓએ સ્વયં શિક્ષણ અંતર્ગત શિક્ષણકાર્ય કરાવ્યું. આ ઉપરાંત કૉલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં વક્તવ્ય , નૃત્ય જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી. તથા પ્રશિક્ષણાર્થીઓ દ્વારા આચાર્યશ્રી તેમજ અધ્યાપક ગણનું અભિવાદન કરવામાં આવ્યું. | - શિક્ષકત્વનો મહિમા જણાવો |
| 6-9-2023 | "જન્માષ્ટમી પર્વ"ની ઉજવણી અંતર્ગત ભૂતપૂર્વ તાલીમાર્થી અને કથાકાર એવા શ્રી દામોદર ઉપાધ્યાયને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમણે કૃષ્ણ જન્મ અને ભગવદ્ ગીતાના કેટલાક અંશોની રજૂઆત કરી હતી. કાર્યક્રમના બીજા ચરણમાં 'કૃષ્ણ કોટ રાહે' એક શેરી-નાટક પણ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ રજૂ કર્યુ હતું. | - શ્રીકૃષ્ણ અને શ્રીમદ ભગવતગીતા થી અભિમુખતા |
| 14-9-2023 | "હિન્દી દિવસ"ની ઉજવણી-<br>કાર્યક્રમમાં દોહા , કવ્યપઠન તેમજ "**हिन्दी बिमार है**" શેરી નાટક રજૂ કર્યું. ત્યારબાદ અધ્યાપકશ્રી ડૉ. નરેન્દ્રસિંહ ગોહિલએ પ્રાસંગિક ઉદબોધન બાદ, પ્રશિક્ષણાર્થીઓ તથા અધ્યાપકગણએ હિન્દી ભાષાનો વારસો આગળ વધારતા ફિલ્મી ગીતો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતા અંતાક્ષરીમાં ભાગ લીધો. | - હિન્દીના મહત્વ અને સ્થાન |
| 14-9-2023 | કૉલેજના અધ્યાપકશ્રી ડૉ. નરેન્દ્રસિંહ ગોહિલ પાંડેસરા સ્થિત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી. એડ. કૉલેજમાં આયોજિત "કાવ્યોત્સવ"માં અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. આ ઉપરાંત કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ ત્યાં ઉપસ્થિત રહ્યા તથા શેરી નાટક પણ પ્રસ્તુત કર્યું. | જ્ઞાન-વિનિમયતા |
| 16-9-2023 | "આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ"ની ઉજવણી અંતર્ગત દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓ ઉપાધ્યાય શિવાની , પટેલ નિકી , પટેલ અમીષા દ્વારા PPTના | - વૈજ્ઞાનિક અભિગમનો |

| | | |
|---|---|---|
| | માધ્યમથી ઓઝોન દિવસ વિશે, ઓઝોનના મહત્વ વિશે તથા ઓઝોન સ્તરના સંરક્ષણ વિશે માહિતી પૂરી પાડવામાં આવી અને ઓઝોન દિવસ સંદર્ભે એક કાવ્યનું પઠન પણ કરવામાં આવ્યું. | વિકાસ |
| 22-9-2023 | દીપદર્શન વિદ્યામંદિર, ડીંડોલીના આચાર્યશ્રી ભાવેશભાઈ આર. જોષીનું વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. જેમણે "શ્રીમદ્ ભગવદ્ ગીતા-21મી સદીમાં" વિષય અંતર્ગત ભગવદ્ ગીતા વિશે , ગીતાના પ્રકાર વિશે માહિતી આપી તથા ભગવદ્ ગીતાના કેટલાક શ્લોકોને 21મી સદીના પરિપ્રેક્ષ્યમાં સાંકળીને રજૂ કર્યા. | - શ્રીમદ ભગવતગીતા થી અભિમુખતા |
| 22-9-2023 | "Investment in today's generation " વિષય પરના સેમિનારમાં શ્રી કવન દલાલ તેઓની ટીમ સાથે કૉલેજમાં પધાર્યા હતા. તેઓએ બચત અને રોકાણ વચ્ચેના ભેદથી સૌને માહિતગાર કર્યા. ઉપરાંત તેઓએ આધુનિક રોકાણ પદ્ધતિઓથી તમામને માહિતગાર કર્યા હતા. | - નાણાં સંચાલન |
| 23-9-2023 | ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ( દર્પણ) યોજવામાં આવી હતી, જેમાં પ્રથમ વર્ષ બી. એડ.ના 46 તાલીમાર્થીઓએ હાજર રહી પરીક્ષા આપી હતી. અંતે પરીક્ષા માટેના પુસ્તકનાં વાચન થકી પ્રાપ્ત થયેલ ભારતીય સંસ્કૃતિ અંગેની માહિતીની ચર્ચા કરી હતી. | - ભારતીય સંસ્કૃતિ અભિમુખતા |
| 1-10-2023 | માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શરૂ કરેલ "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત Garbage Free India અભિયાન અંતર્ગત "સ્વચ્છતા માટે શ્રમદાન" અંતર્ગત કૉલેજના તમામ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કૉલેજ પરિસરની સફાઈનું કામ હાથ ધરાયું હતું. તેમ જ "ગાંધી જયંતિ"ની ઉજવણીના ભાગરૂપે પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા તેમજ દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. | - સ્વચ્છતા અને સ્વાસ્થ્ય |
| 13-10-2023 | ઉદ્દીશા અંતર્ગત "સ્પર્ધાત્મક પરીક્ષા અને કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જે માટે વક્તાશ્રી વિષ્ણુ બ્રહ્મભટ્ટએ પ્રશિક્ષણાર્થીમિત્રોને માર્ગદર્શન પૂરું પાડ્યું. | - કારકિર્દી માર્ગદર્શન |
| 21-10-2023 | "રક્તદાન શિબિર" માં કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ રક્તદાન કર્યુ અને રક્તદાનના મહત્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. | - સામાજિક ઉત્તરદાયિત્વ |
| 19-20 ઓક્ટોબર, 2023 | IITE , ગાંધીનગર ખાતે 12મો યુવા મહોત્સવ "કલાકુંજ"માં કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. જેમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં સંકેત વાડિલેએ પ્રથમ ક્રમ તથા ક્વિઝમાં પ્રણવ જાની, અંકુર ગોસાઈ અને રાધેશ્યામ વસાવાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો. | - યુવા વિકાસ |

| | | |
|---|---|---|
| 28-10-2023 | તા નવરાત્રિ તથા શરદપૂર્ણિમા પર્વની સંયુક્ત ઉજવણીના ભાગરૂપે "રાસ-ગરબા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રથમ ચરણમાં ગરબા ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તથા દ્વિતીય ચરણમાં સાદા ગરબા, દોઢિયા અને બેસ્ટ ડ્રેસ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.વિવિધ સ્પર્ધાના વિજેતાઓ :<br>1. ગરબા ગાન સ્પર્ધા (સમૂહ)માં પ્રથમ ક્રમ - દ્રષ્ટી એન્ડ ગૃપ, દ્વિતીય ક્રમ - ઉત્સવી એન્ડ ગૃપ, તૃતીય ક્રમ - મિત એન્ડ ગૃપ & આયુષી એન્ડ ગૃપ<br>તેમ જ વ્યક્તિગત ગરબા ગાન સ્પર્ધામાં પ્રથમ- સુતરિયા દ્રષ્ટી એચ., દ્વિતીય ક્રમ - ગોહિલ કિંજલ બી. વિજેતા થયા. તો બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં (FY) : પ્રથમ- મહાલે સચિન આર. & - કંસારા આયુષી પી., દ્વિતીય ક્રમ - મકવાણા હર્ષિદા વી., (SY) પ્રથમ ક્રમ - જાની કરન વી. & - સાટોટે જયશ્રી ડી., દ્વિતીય ક્રમ - પટેલ નીકી કે. વિજેતા થયા હતા.<br>સાદા ગરબામાં (FY) પ્રથમ ક્રમ - પંડ્યા મિત બી. & સિરસાઠ કલ્યાણી આર., દ્વિતીય ક્રમ - શુક્લા સાક્ષી એસ., (SY) : પ્રથમ ક્રમ - પરમાર લલિતચંદ્ર એચ. & પરમાર ઉત્સવી એમ., દ્વિતીય ક્રમ - ઉપાધ્યાય શિવાની જે., નારીગ્રા હેલી આર. વિજેતા થયા.<br>દોઢિયા સ્પર્ધામાં (FY) : પ્રથમ ક્રમ - જોષી મિત આર. & કોન્ટ્રાક્ટર રિશ્પી એ., દ્વિતીય ક્રમ - પટેલ ભૂમિકા ડી., (SY)માં  પ્રથમ ક્રમ - રાઉલજી વિજય ડી. & રાઠોડ ડિમ્પલ એલ., દ્વિતીય ક્રમ - કાકડિયા અનેરી કે. વિજેતા થયા હતા. | - પારંપરિક સંસ્કૃતિ અને દેવી ઉપાસનાનું મહત્વ |
| 16-27 ઓક્ટોબર, 2023 & 11-21 ડિસેમ્બર, 2023 | KCG, ગાંધીનગર દ્વારા કોલેજના વિદ્યાર્થીઓમાં કૌશલ્યો અને અંગ્રેજી ભાષાના કૌશલ્યો માટે ચાલી રહેલ ખાસ Finishing School પ્રોજેક્ટ અંતર્ગત ખાસ વર્કશોપ આયોજિત કરવામાં આવ્યો. જેમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ માટે તારીખ : 16/10/2023 થી 27/10/2023 દરમિયાન વર્કશોપ માટે તજજ્ઞશ્રી CA સુપલ તલાટીએ તેમ જ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માટે તારીખ : 11/12/2023 થી 21/12/2023 દરમિયાન વર્કશોપ માટે તજજ્ઞશ્રી ધારા વઘાસિયાએ પ્રશિક્ષણાર્થીઓના વિવિધ કૌશલ્યોને વિકસાવવાનું કાર્ય કર્યુ. | - કૌશલ્ય વિકાસ |
| 8-18 જાન્યુઆરી, 2024 | સેમેસ્ટર-2ના તાલીમાર્થીઓના પ્રાયોગિક પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રારંભે અધ્યાપકોએ નિદર્શન પાઠો આપ્યાં અને ત્યારબાદ,  જુદી જુદી શાળાઓમાં જઈ તાલીમાર્થીઓએ પ્રવૃત્તિઓ અને પ્રયોગો દ્વારા પાઠ આપી વાસ્તવિક અનુભવો મેળવ્યા હતા. | - વાસ્તવિક અનુભવ |

| | | |
|---|---|---|
| 22-1-2024 | અયોધ્યા શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા નિમિતે કૉલેજમાં પણ 'રામોત્સવ' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીરામ આરતી, સ્તુતિ તેમ જ પ્રસંગોચિત ઉદ્બોધન રજૂ કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા વક્તવ્ય, રામભક્તિ ગીતો, નૃત્ય, પ્રેઝન્ટેશન રજૂ થયું જેમાં સમગ્ર વાતાવરણ રામમય બની ગયું. | - શ્રીરામ મહાત્મ્ય |
| 22-1-2024 | કૉલેજના પ્રથમ વર્ષના તમામ તાલીમાર્થીઓએ આપેલ દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજિત "ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા"નું પરિણામ જાહેર થતાં આયુષી કંસારા, જ્યોતિ યાદવ અને નીતુ યાદવ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલ, જેમનું કૉલેજ પરિવાર દ્વારા ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું . | - અભિવાદન |
| 26-1-2024 | વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન , વી. ટી. ચોક્સી લો કોલેજ અને SPB કોમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે કૉલેજ પરિસરમાં 75માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજના પ્રશિક્ષણાર્થી મિત્રોએ તથા અધ્યાપકગણએ ભાગ લીધો. | - બંધારણ સભાનતા અને રાષ્ટ્રભક્તિ |
| 24-1-2024 | કૉલેજના સિનિયર, મેધાવી અધ્યાપક અને કુશળ વક્તા ડો. નરેન્દ્રસિંહ ગોહિલનું વનિતા વિશ્રામ વૂમન્સ યુનિવર્સિટીમાં વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે ' હિન્દી સાહિત્ય કા બદલતા સ્વરૂપ ' અંગે છણાવટ કરી હતી. | - જ્ઞાન વિનિમય |
| 5-15 ફેબ્રુઆરીએ , 2024 | EPC 2 : "નાટક અને કલા દ્વારા શિક્ષણ" અંતર્ગત વિવધ પ્રવૃતિઓ પૈકી એક પ્રવૃત્તિ 'નાટય કલા' તેમ જ 'નૃત્ય કલા' અંતર્ગત કૉલેજના તાલીમાર્થીઓ દ્વારા અનુક્રમે શેરી નાટક અને વિવિધ લોક નૃત્યની ભજવણી કરવામાં આવી. જેમાં દરેક તાલીમાર્થીઓ સહભાગી બન્યા. | - કળા-વિકાસ |
| 16-2-2024 | "ગ્રાહક સુરક્ષા ક્લબ" અંતર્ગત "ગ્રાહક સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ" આયોજિત કરવામાં આવ્યો. જેમાં અતિથિ વિશેષશ્રી પ્રતાપભાઈ છાપીયા તથા વક્તાશ્રી પ્રો. હેમંતકુમાર શાહ દ્વારા "બંધારણનું આમુખ-મહત્વના ખ્યાલો" વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું. | - ગ્રાહક જાગૃતિ |
| 21-2-2024 **વિશેષ કાર્યક્રમ** | "વિશ્વ માતૃભાષા દિન" નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરતના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા મહોત્સવ' - "ગોષ્ઠિ" નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાહિત્યની ત્રણ વિધાઓ - કાવ્ય, નવલિકા તેમ જ નાટ્યને માતૃભાષાના અનુસંગે રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કૉલેજની વહીવટી સમિતિના અધ્યક્ષ એવા શ્રી મયંકભાઇ ત્રિવેદી તેમ જ અતિથિ વિશેષ તરીકે સાર્વજનિક યુનિવર્સિટીના CEO શ્રી તેજલબહેન | - માતૃભાષા મહત્વ |

| | | |
|---|---|---|
| | પારેખ તેમ જ મહેમાનશ્રી કૉલેજના પૂર્વ પ્રિન્સીપાલ શ્રી વિનોદ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં. જેમણે સાહિત્ય અકાદમી અને કૉલેજના માતૃભાષા માટે જાગૃતિ લાવવાના આ પ્રયાસને બિરદાવ્યો હતો.<br>કવિતા અને નવલિકાના મંચનની આ 'ગોષ્ઠિ'માં પ્રથમ સત્રના મુખ્ય વક્તા સુરત શહેરના જાણીતા કવયિત્રી, નાટ્યકાર અને અભિનેત્રી એવાં શ્રી યામિનીબહેન વ્યાસે કવિ નયન દેસાઇના મંજુ-કાવ્યોની અભિનય સાથે અભિવ્યક્તિ કરી હતી તેમ જ કેટલીક એકોકિતઓ તેમ જ વાર્તાનું મંચન કરી વાતાવરણને જીવંત કર્યું હતું. સાથે સાથે જીજ્ઞેશ સોલંકીએ યામિનીબહેન દ્વારા રજૂ થયેલ કવિતા, વાર્તાના મર્મને સરળ શબ્દોમાં સમજાવ્યો હતો તેમ જ આદર્શ પુસ્તક પરિચય કેવી રીતે આપી શકાય, તેનું ઉદાહરણ પણ પૂરું પાડ્યું હતું. દ્વિતીય સત્રમાં બારડોલીના જાણીતા કવિ અને કૉલેજના ભૂતપૂર્વ તાલીમાર્થી એવા શ્રી સપન પાઠકે પોતાના સોનેટો, ગઝલો, અછાંદસ તેમ જ ગીતો થકી સ્વર, લય, છંદની સરળ સમજૂતી સાથે કાવ્ય રસમાં તરબોળ કરવાની સાથે સાથે પોતાની સર્જન યાત્રાની વાત કરી હતી. કાર્યક્રમના તૃતીય સત્રમાં કૉલેજના પૂર્વ અધ્યાપક અને જાણીતા નાટ્ય - શિક્ષણવિદ ડૉ.વિજય સેવકે પણ કવિતા, નાટ્ય તેમ જ એના થકી માતૃભાષાનું કર્મ કઈ રીતે થઈ શકે છે, એની બહુ રસાળ શૈલીમાં અને પ્રેઝન્ટેશનની મદદથી છણાવટ કરી હતી.<br>આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે કૉલેજના અધ્યાપિકા ડૉ. જયશ્રી જાંબુસિયાએ જવાબદારી નિભાવી હતી તેમ જ સમગ્ર કાર્યક્રમના સંચાલક તરીકે ડૉ. અનિલાબહેન સોનીએ સફળ અને સુચારુ સંચાલન કર્યું હતું. | |
| 22-2-2024 | માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન તથા પી.પી.સવાણી યુનિવર્સિટી, કોસંબા આયોજિત "વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી અને શિક્ષક પ્રશિક્ષણ કાર્યશાળા"માં કૉલેજ ના ચાર તાલીમાર્થીઓ - મિત પંડ્યા, અવની ઠાકર, નિધિ પટેલ, હિરલ રાજપૂત અને કૉલેજના ગુજરાતીના અધ્યાપિકા ડૉ. જયશ્રી જાંબુસિયાએ સક્રિય હાજરી આપી, ડૉ.ભાગ્યેશ જહા, શ્રી હર્ષદભાઈ શાહ તેમ જ શ્રી ઉમાકાન્તભાઈ રાજ્યગુરુ સાહેબના જ્ઞાનનો લાભ લીધો હતો. | - ભાષા-જ્ઞાન સજ્જતા |
| 7-3-2024 | 'Women Empowerment Cell' અને 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા' હેઠળ આગોતરી આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના ભૂતપૂર્વ તાલીમાર્થી અને હાલમાં શ્રીમતી વી.આર.ભક્ત બી. એડ. કૉલેજમાં અધ્યાપિકા તરીકે ફરજ બજાવતાં ડૉ. રિદ્ધિબેન દેસાઇના અધ્યક્ષપણા હેઠળ મહિલા વિષયક સ્વ રચિત કાવ્ય પઠન કરવામાં આવેલ.જેમાં કૉલેજના | - નારીશક્તિ અને સર્જનશીલતા |

| | | |
|---|---|---|
| | આચાર્ય શ્રી, અધ્યાપકો તેમ જ તાલીમાર્થીઓએ સ્વરચિત કાવ્યોની અભિવ્યક્તિ કરી હતી. કાર્યક્રમના પ્રથમ સત્રમાં નારી વિશેષ કાવ્યોના પઠનની શરૂઆત પ્રિ. ડૉ. નલિન પટેલ સાહેબના હાઈકુઓથી કરવામાં આવેલ, ત્યારબાદ ડૉ.રિદ્ધિ દેસાઈ, ડૉ. અનિલા સોની, જહાન્વી મિશ્રા, પ્રિયંકા પટેલ, નિકી પટેલ, હેમંત ચૌધરી, લકી સિંહ, હર્ષિતા મકવાણા, હિરલ રાજપૂત, નિધિ પટેલ, સુવર્ણા મહારાણા, મિત પંડ્યા અને અંતે આયોજક ડૉ.જયશ્રી જાંબુસિયા દ્વારા કાવ્યોનું પઠન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના બીજા સત્રમાં મુખ્ય વક્તા એવાં રિદ્ધિબેન દેસાઈએ અભ્યાસક્રમ વિષયક વ્યાખ્યાન - "વર્ગ વ્યવહાર" ની રસપૂર્વક અને ઊંડાણભરી છણાવટ કરી હતી. | |
| 1-4-2024 | કૉલેજમાં પ્રથમ આવનાર તાલીમાર્થીને ગોલ્ડ મેડલ એનાયત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વર્ષ 2019ના તાલીમાર્થી પ્રા. હેમંતભાઈ પટેલ અને વર્ષ 2020ના તાલીમાર્થી દર્શનાબેન ટીલવાને "સી.ઝેડ. શાહ એજયુકેશન ટ્રસ્ટ - સુવર્ણ ચંદ્રક" કાર્યક્રમના અધ્યક્ષ શ્રી મયંકભાઈ ત્રિવેદી અને મુખ્ય મહેમાન શ્રી અજિતભાઈ શાહના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.<br>આ સાથે દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ માટેનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજ પરિવાર વતી ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. નલિનચંદ્ર પટેલ , ડૉ. નરેન્દ્રસિંહ ગોહિલ અને ડૉ.જયશ્રીબેન જાંબુસિયા એ ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી. તેમ જ દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પોતાના બે વર્ષના અનુભવોને તાજા કર્યા હતા. | - અભિવાદન અને વિદાયમાન |
| 16-5-2024 | કૉલેજના ક્લાર્ક રણજીતભાઈ ચૌધરી અને સેવકભાઇ બુધયાભાઈ રાઠોડની વયનિવૃત્તિ નિમિતે વિદાય શુભેચ્છા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પૂર્વ આચાર્ય શ્રી કે.વી.દેસાઈ સાહેબે હાજર રહી ઉદબોધન રજૂ કર્યું હતું. ઈ.ચા. ડૉ.નલિન પટેલ સાહેબે પરિચય અને શાબ્દિક સ્વાગત કરી તેમની સાથેના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. અધ્યાપકશ્રી ડૉ.નરેન્દ્ર સિંહ ગોહિલ સાહેબે સન્માનપત્રનું વાચન કર્યું હતું. પરંપરા મુજબ બંન્ને કર્મચારી ભાઈઓનું સાલ ઓઢાડી અને સન્માનપત્ર આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. | - અભિવાદન અને વિદાયમાન |
| 17-5-2024 | કૉલેજમાં સેમેસ્ટર - 4 (IITE) ના તાલીમાર્થીઓ માટે યુનિવર્સિટી પરીક્ષા ઉત્તરવહી ચકાસણીનું કાર્ય કરવામાં આવ્યું. આ કાર્ય માટે યુનિવર્સિટી રિપ્રેઝેન્ટેટીવ તરીકે ડૉ. દેવાંગના ઠક્કર પધાર્યા હતા. તેમની હાજરીમાં ઉત્તરવહી ચકાસણી કાર્ય કરવામાં આવ્યું. | - મૂલ્યાંકન |

## વર્ષ-203-24 દરમિયાન તાલીમાર્થીઓની સિદ્ધિ

### (જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષા)

**1) શૈક્ષણિક ક્ષેત્ર -**

- **IITE**, ગાંધીનગર આયોજિત ગુજરાત રાજ્ય (અનુદાનિત બી.એડ.કોલેજો માટેની) **SPOT PHOTOGRAPHY** સ્પર્ધામાં સંકેત વાડીલે દ્વિતીય ક્રમે વિજેતા (રાજ્ય કક્ષા)

**2) રમત-ગમત ક્ષેત્ર –**

- ગુજરાત રાજ્ય રાઇફલ એસોશિએશન આયોજિત સુરત જિલ્લા (એર વેપન) પિસ્તોલ શૂટિંગ સ્પર્ધામાં કલ્યાણી રાજેન્દ્ર સિરસાઠ દ્વિતીય ક્રમે વિજેતા (રાજ્ય કક્ષા)